# દેશમાં કોરોનાનો રેકોર્ડબ્રેક : નવા ૮૩ હજારથી વધુ કેસ

## કુલ કેસ ૩૮ લાખને પાર, મૃત્યુઆંક ૬૭ હજારથી વધુ : ૧૦૪૩ લોકોના મૃત્યુ, રિક્વરી રેટ સુધરીને ૭૭.૦૬ સુધી પહોંચ્યો, એક દિવસમાં રેકોર્ડ ૧૧.૭૨ લાખ ટેસ્ટ કરાયા, અત્યાર સુધી ૪.૪૪ કરોડ સેમ્પલની તપાસ કરવામાં આવી

ન્યુ દિલ્હી,તા.૩

ભારતમાં કોરોના વાયરસનું સંક્રમણ જે ગતીથી ફેલાઈ રહ્યું છે તે જોઈને લાગી રહ્યું છે કે કોરોના વાયરસના સૌથી વધારે કેસના મામલામાં આગામી થોડા જ દિવસોમાં બ્રાઝીલને પાછળ છોડીને ભારત વિશ્વનો બીજા નંબરનો સૌથી વધુ સંક્રમિતો ધરાવતો દેશ બની જશે. ૨૪ કલાક દરમિયાન નોંધાયેલા કોરોનાના કેસના મામલે ભારતે બ્રાઝીલ અને અમેરિકાને પાછળ છોડી દીધું છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે ગુરૂવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૩૭ લાખને ઓળંગી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના અત્યાર સુધીના સૌથી વધુ ૮૩,૮૮૩ કેસ નોંધાતા કુલ આંકડો ૩૮,૫૩,૪૦૬ સુધી પહોંચી ગયો છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સુધરીને ૭૭.૦૬ સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૮,૫૮૪ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૨૯૭૦૪૯૨ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા ત્રણ ગણા કરતા પણ વધારે છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૪૩ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૬૭,૩૭૬ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે ગુરૂવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૮,૧૫,૫૩૮ એક્ટિવ કેસ છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે જણાવ્યું કે, બુધવારે ૧૧ લાખ ૭૨ હજાર ૧૭૯ ટેસ્ટ કરવામાં આવ્યા છે. આ સાથે જ દેશમાં અત્યાર સુધી ૪ કરોડ ૫૫ લાખ ૯ હજાર ૩૮૦ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે.

ભારતમાં કોરોના દર્દીઓ સ્વસ્થ થવાની ઝડપ છેલ્લા એક સપ્તાહમાં ધીમી થઈ ગઈ છે. ૨૬ ઓગસ્ટથી ૧ સપ્ટેમ્બર વચ્ચે રિકવરી રેટ ૧.૧ ટકાનો જ સુધારો થયો છે. જો કે અગાઉના સપ્તાહે રિકવરી રેટમાં ૨.૩ ટકાનો વધારો નોંધવામાં આવ્યો હતો.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૨૬૦૨૨૦૦૫ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૮,૬૨,૭૨૨ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૧,૭૨,૮૧૮૫૯ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૭,૮૭,૭૪૨૪ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર બ્રાઝિલ, ત્રીજા સ્થાન પર ભારત અને ચોથા સ્થાન પર રશિયા છે.

### કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિક્વર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૬૨૪૨૪૫૧ | ૮૬૮૪૭૬ | ૧૮૪૯૮૨૧૬ |
| ભારત | ૩૮૯૨૧૯૮ | ૬૭૮૮૩ | ૨૯૯૮૯૯૮ |
| ગુજરાત | ૧૦૦૩૭૫ | ૩૦૬૪ | ૮૧૨૮૦ |
| ગાંધીનગર | ૨૫૬૮ | ૧૪૨ | ૨૦૯૨ |

# રાજ્યમાં કોરોનાના કેસ એક લાખને પાર

## ૨૪ કલાકમાં કોરોનાના ૧૩૨૫ કેસ : ૧૬નાં મોત : કોરોનાથી કુલ મૃત્યુઆંક ૩૦૬૪ પર પહોંચ્યો : એક્ટીવ કેસની સંખ્યા ૧૬૧૩૧, હાલ ૮૯ લોકો વેન્ટીલેટર ઉપર

ગાંધીનગર,તા.૩

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૭૫૪૮૭ ટેસ્ટ કરવામાં આવતા ૧૩૨૫ પોઝિટિવ કેસ નોંધાતા છે.આ સાથે કોરોના સંક્રમિતનો આંકડો ૧ લાખને પાર થઈ ૧૦૦૩૭૫ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાને લીધે ૧૬ મોત થયા છે. કુલ મૃત્યુઆંક ૩૦૬૪ નોંધાયો છે. રાજ્યમાં ૧૧૨૬ દર્દી આજે સાજા થયા છે. આ સાથે કુલ ડિસ્ચાર્જનો આંક ૮૧ હજારને પાર થઈ ૮૧૧૮૦ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૬૧૩૧ એક્ટિવ કેસ છે. જેમાં ૮૯ વેન્ટીલેટર પર અને ૧૬૦૪૨ સ્ટેબલ છે. અનલોક-૪માં આજે ત્રીજા દિવસે સતત કોરોનાનો આંકડો ૧૩૦૦ને પાર થયો અને કુલ સંક્રમિતનો આંકડો એક લાખને પાર થઈ ગયો છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ રાજ્યમાં કોવિડ-૧૯ના લીધે સુરત જિલ્લામાં ૩ અને શહેરમાં ૨, અમદાવાદ શહેરમાં ૩,રાજકોટ કોર્પોરેશનમાં ૩, ભરુચ અને ભાવનગર શહેરમાં, ગાંધીનગર શહેરમાં અને વડોદરા શહેર અને ગ્રામ્યમાં ૧-૧ મોત સાથે કુલ ૧૬ મોત નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૫૦ અને જિલ્લા ૧૬ સાથે ૧૬૬ કોરોનાના કેસ નોંધાયા છે.

આ સાથે અમદાવાદ શહેરમાં કોરોના સંક્રમિતનો આંકડો ૩૨ હજારને પાર ૩૨૦૧૩ નોંધાયો છે. આ સાથે ૩ મોત અમદાવાદમાં નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૭૨૬ છે.સુરત શહેરમાં ૧૭૯ અને જિલ્લામાં ૯૩ સાથે કુલ ૨૭૨ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૨૧૩૯૪ થયો છે. આજે વધુ ૫ મોત સુરતમાં નોંધાતા કુલ મૃત્યુઆંક ૬૪૮ થયો છે.વડોદરા શહેરમાં ૮૬ અને જિલ્લામાં ૩૭ સાથે ૧૨૩ કેસ કોરોનાના નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૮૫૬૬ થયો છે. આજે ૧ મોત નોંધાતા વડોદરામાં કુલ મૃત્યુઆંક ૧૩૫ થયો છે. રાજકોટ શહેરમાં ૯૫ અને જિલ્લામાં ૪૦ સાથે કુલ કેસ ૧૩૫ નોંધાયા છે. આ સાથે રાજકોટમાં કુલ સંક્રમિતનો આંકડો ૫૫૦૫ થયો છે. ભાવનગર શહેરમાં ૨૭ અને જિલ્લામાં ૩૧ સાથે ૫૮ કેસ નોંધાતા કુલ આંકડો ૨૯૮૦ થયો છે અને ૧ મોત થયું છે.

# પાટીલના કાર્યક્રમમાં મંડપ બાંધવાનો એસો.નો ઈનકાર

## સાબરકાંઠામાં મંડપ એસોસિએશનનો અનલોકમાં છૂટછાટ નહીં મળતાં તમામ પક્ષના કાર્યક્રમોના બહિષ્કારનો નિર્ણય



અમદાવાદ, તા. ૩

કોરોના મહામારીએ વિશ્વભરમાં અર્થતંત્ર ખોરવી નાખ્યું છે ત્યારે આ કપરા કાળમાંથી બહાર નિકળવા તમામ સ્તરે પ્રયાસ થઈ રહ્યા છે. સરકાર ધીરે ધીરે અનલોકમાં જુદા જુદા વ્યવસાયોને છૂટછાટ આપૂ રહ્યું છે પરંતુ મંડપ-ડેકોરેટર્સના કામને વેગ મળે એવા કોઈ જ પગલાં લેતું ન હોઈ આની સામે ભારે નારાજગી ઊભી થઈ હોવાનું જાણવા મળ્યું છે. રાજ્યમાં સત્તાધારી ભાજપના નવા વરાયેલા પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે હોદ્દો ગ્રહણ કર્યા બાદ રાજ્યભરનો પ્રવાસ ખેડવાનો શરૂ કર્યો છે. પક્ષના કાર્યકરોને આગામી ચૂંટણીઓને લઈને સક્રિય કરવાના પ્રયાસમાં તેઓએ આ ક્વાયત હાથ ધરી હોવાનું મનાય છે. જોકે, આ દરમિયાન તેઓ વારંવાર વિવાદમાં આવી રહ્યા છે. બે દિવસ બાદ તેઓ સાબરકાંઠાના પ્રવાસે જવાના છે ત્યારે સાબરકાંઠા મંડપ એસોસિએશને તેમના કાર્યક્રમ માટે મંડપ બાંધવાનો ઈનકાર કરી દીધો હોવાનું જામવા મળ્યું છે. આના લીધે સી.આર. પાટીલ જ નહીં ભાજપ મોવડી મંડળ પણ ભિંસમાં મૂકાઈ ગયું છે. આધારભૂત સૂત્રોના અનુસાર સી.આર પાટીલ આગામી છ તારીખે સાબરકાંઠાના પ્રવાસે જવાના છે એ દરમિયાન તેમના કેટલાક જાહેર કાર્યક્રમોનું પણ આયોજન કરાયું છે. બીજી તરફ આ કાર્યક્રમો માટે મંડપ અને ડેકોરેશનની જરૂર હોઈ સ્થાનિક મંડપ ડેકોરેટર્સનો સંપર્ક સાધવામાં આવતા તેઓએ આયોજકોને કોઈ પણ રાજકીય કાર્યક્રમનો બહિષ્કારનો નિર્ણય કરાયો હોવાનું જણાવી કાર્યક્રમ માટે કોઈ જ પ્રકારની ગોઠવણ નહી કરી આપવા કહ્યું હોવાનું જાણવા મળે છે. ગુજરાત મંડપ એસોશિયેશન દ્વારા અનલોક દરમિયાન તેમના રોજગારને સબંધિત કોઈ પ્રકારની છૂટછાટો ન મળવાને લીધે આ આકરો નિર્ણય કર્યો હોવાનું જાણવા મળ્યું છે. મંડપ એસોસિએશનના આ નિર્ણયથી ભાજપમાં સોંપો પડી ગયો છે અને સમજાવટ માટેના પ્રયાસો હાથ ધરાયા હોવાનું જાણવા મળે છે. અનલોકમાં છૂટછાટો કેન્દ્ર સરકારની ગાઈડ લાઈનને ધ્યાનમાં રાખીને આપવામાં આવતી હોઈ રાજ્ય સરકાર આ બાબતે કોઈ વિશેષ છૂટ આપવાની સ્થિતિમાં નથી ત્યારે મંડપ એસોસિએશનને કઈ રીતે આશ્વાસન આપવું એને લઈને તંત્ર વિમાસણમાં છે. પદ ગ્રહણ કર્યા બાદ પાટીલને લઈને વારંવાર વિવાદો થઈ રહ્યા છે ત્યારે વધુ એક વિવાદથી સમગ્ર પક્ષ મૂંઝવણમાં મૂકાઈ ગયો છે.

# સાબરકાંઠામાં કોરોના બેકાબુ : નવા ૯ કેસ નોંધાયા

## હિંમતનગરમાં ૪ જ્યારે પ્રાંતિજ તાલુકામાં નવા કેસ પ્રકાશમાં આવ્યા

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૪ દિવસથી કોરોનાએ માથુ ઉંચક્યુ હોય તેમ રોજબરોજ પોઝીટીવ કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. દરમિયાન છેલ્લા ૨૪ કલાકમાં હિંમતનગરમાં ૪ સહિત ઈડર, પ્રાંતિજ, ખેડબ્રહ્મા અને વિજયનગરમાં મળી કુલ ૯ કેસ નોંધાયા છે. જેના પરથી એવુ લાગી રહ્યુ છે કે જિલ્લામાં કોરોના બેકાબુ બનીને માથુ ઉંચકી રહ્યો છે. નવા ૯ કેસ મળી કુલ પોઝીટીવ કેસનો આંકડો ૬૮૦ પર પહોંચી ગયો છે.

આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ બુધવારે સાંજે પાંચ વાગ્યાથી ગુરૂવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં જે નવા ૯ કેસ ઉમેરાયા છે તેમાં હિંમતનગરની ઈન્દ્રનગર સોસાયટીમાં રહેતા ૪૫ વર્ષીય પુરૂષ, પોલોગ્રાઉન્ડના અલકાપુરીમાં ૬૫ વર્ષીય પુરૂષ, રંગમહોલ સોસાયટીમાં ૫૮ વર્ષીય પુરૂષ જ્યારે શ્રીનગર સોસાયટીમાં રહેતા ૪૯ વર્ષીય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તેજ પ્રમાણે ઈડરના દલજીતનગરમાં ૫૩ વર્ષીય મહિલા અને જાદર ગામમાં રહેતા ૨૫ વર્ષીય પુરૂષ તથા પ્રાંતિજ તાલુકાના મજરા ગામમાં ૩૮ વર્ષીય પુરૂષ, ખેડબ્રહ્મા તાલુકાના ગોતા ગામમાં ૫૩ વર્ષીય પુરૂષ અને વિજયનગરમાં રહેતા ૭૪ વર્ષીય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા તંત્ર દ્વારા અસરગ્રસ્ત પરીવારોને હોમ ક્વોરોન્ટાઈન કરવા માટે આરોગ્ય વિભાગને તાકીદ કરી સાવચેતીના પગલા લેવા જણાવી દેવામાં આવ્યું છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોના પોઝીટીવ કેસનો કુલ આંકડો ૬૮૦ થયો છે જો કે તેમાંથી ૬૦૬ દર્દીઓને રજા અપાઈ છે એટલે કે હાલ વિવિધ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેતા દર્દીઓની સંખ્યા ૬૬ છે. તથા અત્યાર સુધીમાં કોરોનાને લીધે મોત થયેલાની સંખ્યા ૮ પર છેલ્લા ઘણા દિવસોથી સ્થિર રહી છે.

### શહેરમાં કોરોના... ● છેલ્લા પાનાનું ચાલુ

સે. ૫ માંથી એક ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૨ માંથી એક ૩૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૭ માંથી પણ એક ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગૃહીણીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

જીએમએસસીએસમાં ક્લાર્ક તરીકે નોકરી કરતા અને સે. ૪ માં રહેતા એક ૨૫ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવકે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ખાનગી નોકરી કરતા અને સે. ૩ માં રહેતા એક ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કર્મયોગીએ પણ હોઈ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

રાજ્યના સામાન્ય વહીવટ વિભાગમાં ડે.એસ.ઓ. તરીકે સેવારત એક ૫૪ વર્ષીય અધિકારી જે સે. ૧૪ માં રહે છે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૪માં રહેતા અને રિયલ એસ્ટેટના વેપાર સાથે સંકળાયેલ એક ૩૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ચિલ્ડ્રન યુનિ.માં ક્લાર્ક તરીકે ફરજો બજાવતા અને સે. ૨૯માં રહેતા એક ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આ ઉપરાંત જુના સચિવાલયમાં સેવક તરીકે નોકરી કરતા અને સે. ૨૯માં રહેતા ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં નોંધાયેલા કેસો પૈકી આજે વધુ પાંચ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં અત્યાર સુધીમાં ૬૭૯ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

શહેરમાં હાલ ૧૭૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં ૭૦ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. મનપા દ્વારા આજે ૩૨૨ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. શહેરમાં ૨૨૦થી વધુ કન્ટેનમેન્ટ ઝોન છે.

### સીમાંકન જાહેર... ● છેલ્લા પાનાનું ચાલુ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ૧૨ | હરખજીના મુવાડા | દહેગામ | ૨૫ | ૨૮ | સામાન્ય સ્ત્રી |
| | ૧૩ | ઈટાદરા | માણસા | ૧૦ | ૧૫ | સામાન્ય સ્ત્રી |
| | ૧૪ | કડજોદરા | દહેગામ | ૨૪ | ૨૫ | બિનઅનામત સામાન્ય |
| | ૧૫ | લોદરા | માણસા | ૧૪ | ૨૨ | બિનઅનામત સામાન્ય |
| | ૧૬ | મહુડી | માણસા | ૮ | ૧૬ | બિનઅનામત સામાન્ય |
| | ૧૭ | પલીયડ | કલોલ | ૨૦ | ૧૭ | બિનઅનામત સામાન્ય |
| | ૧૮ | પાનસર | કલોલ | ૨ | ૧૦ | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| | ૧૯ | રખીયાલ | દહેગામ | ૨૧ | ૨ | બિનઅનામત સામાન્ય |
| | ૨૦ | સાદરા | ગાંધીનગર | ૧૮ | ૬ | બિનઅનામત સામાન્ય |
| | ૨૧ | સઈજ | કલોલ | ૧ | ૧૯ | સામાન્ય સ્ત્રી |
| | ૨૨ | સમૌ | માણસા | ૧૧ | ૧૨ | સામાન્ય સ્ત્રી |
| | ૨૩ | સાણોદા | દહેગામ | ૨૬ | ૫ | બિનઅનામત સામાન્ય |
| | ૨૪ | સાંતેજ | કલોલ | ૬ | ૮ | બિનઅનામત સામાન્ય |
| | ૨૫ | સરઢવ | ગાંધીનગર | ૪ | ૨૩ | સામાન્ય સ્ત્રી |
| | ૨૬ | સોજા | માણસા | ૧૩ | ૨૦ | બિનઅનામત સામાન્ય |
| | ૨૭ | ઉવારસદ | ગાંધીનગર | ૨૩ | ૨૭ | બિનઅનામત સામાન્ય |
| | ૨૮ | વલાદ | ગાંધીનગર | ૨૨ | ૪ | સામાન્ય સ્ત્રી |

### ગ્રામ્ય વિસ્તાર... ● છેલ્લા પાનાનું ચાલુ

કલોલ તાલુકાના પલસાણા ગામેથી ૩૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે અર્બન-૨ વિસ્તારમાંથી ૩૨ વર્ષીય યુવક અને ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ નવ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૪૧૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૧૬૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૮,૧૩૯ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ગ્રામીણ વિસ્તારમાં ટેસ્ટ, ટ્રેક અને ટ્રીટમેન્ટની આક્રમક રણનીતિ સફળ બની રહી હોવાનો દાવો પણ તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. રિકવરી રેટ પણ જિલ્લામાં નોંધપાત્ર હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

### જોખમી સ્થિતિ... ● છેલ્લા પાનાનું ચાલુ

સર્કલોની સફાઈ પણ અનિવાર્ય બની છે. જયારે વિવિધ થીમ પર વિકસાવામાં આવેલા સર્કલો સુંદરતા પણ ગુમાવી બેઠા છે. શહેરમાં સ્થિત સર્કલો પૈકી કેટલાક સર્કલોના ફરતે પણ મોટા ગાબડા જોવા મળી રહ્યા છે. સર્કલો આસપાસ ફીટ કરાયેલા પેવર બ્લોક પણ તુટેલી હાલતમાં હોવાથી મોટા ગાબડા જોવા મળી રહ્યા છે. સર્કલો ફરતે પણ મોટામસ ખાડાઓ અસ્તિત્વમાં આવ્યા છે. સર્કલોની જાળવણીનો મુદ્દો લાંબા સમયથી વિસરાઈ ગયો છે. નગરના સર્કલાને વિકસાવવા સહીત જાળવણીના મામલે વિવિધ સંસ્થાઓને જવાબદારી સોંપવામાં આવી છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી સર્કલોની સુંદરતા નિખારવા તેમજ સ્વચ્છતા જળવાય તે માટે સંસ્થાઓ પણ બેધ્યાન બની છે. બીજીતરફ તંત્ર દ્વારા પણ સર્કલ વિકાસની સાથે તેની યોગ્ય જાળવણી થાય તે મુદ્દે સમયાંતરે સંસ્થાઓને નોટીસ આપવા સિવાય કોઈ કામગીરી કરવામાં આવતી નથી. શહેરમાં વરસાદી દિવસો દરમિયાન નગરના માર્ગો તેમજ ફુટપાથ સહીત સર્કલો પણ હવે કંગાળ બન્યા છે. જેના લીધે માર્ગ વચાળે જ મોટામસ ગાબડા આમ નાગરિકો માટે જોખમી પુરવાર થઈ રહ્યા છે. નગરના ગ-૩ સર્કલ પાસે પણ આવી જ સ્થિતિ છે. આ ઠેકાણે યોગ્ય સમારકામ હાથ ધરવામાં આવે તેવી પણ રજુઆત સ્થાનિકો કરી રહ્યા છે.

### કાર રેલી... ● છેલ્લા પાનાનું ચાલુ

પણ હાજરી આપશે. આ બેઠકના અંતે કલોલમાં સઈજ પુલ પાસે સ્થિત સ્વામિનારાયણ ગુરુકુલમાં સાંજે ૬ કલાકે જિલ્લા મહાનગરના સહકારી ક્ષેત્રના આગેવાનો તેમજ સામજિક અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ અને ખેડુતો , ડોકટરો અને વકીલો સાથે પણ બેઠક યોજાશે. આ દરમિયાન પ્રેદશ અધ્યક્ષ સી આર પાટીલ સાથે આગેવાનો જરૂરી ચર્ચા વિચારણા અને વાર્તાલાપ કરશે. પ્રદેશ અધ્યક્ષની આ જિલ્લા મુલાકાત દરમિયાન તા ૪ સપ્ટેમ્બરના રાત્રિના તેઓ ગાંધીનગર સરકીટ હાઉસમાં રોકાણ કરશે. જયારે તા ૫ સપ્ટેમ્બરના રોજ સવારે ૮ કલાકે પ્રેદશ અધ્યક્ષ સી આર પાટીલની આગેવાનીમાં ભવ્ય કાર રેલી યોજવામાં આવશે. સરકીટ હાઉસથી પ્રસ્થાન થનારી આ રેલીમાં મહાનગરના કાર્યકર્તાઓ, આગેવાનો, હોદેદારો, કોર્પોરેટરો રેલીમાં જોડાશે. સરકીટ હાઉસથી શરૂ થયેલી આ કાર રેલી ચિલોડા તરફ આગળ વધશે જયાંથી હીંમતનગર જશે.

# પાલનપુર નગરપાલિકાના લાંચિયા સાઈડ સુપર વાઈઝરની રેગ્યુલર જામીન અરજી કોર્ટે ફગાવી

## ૧૦ હજારની લાંચ લેતાં ઝડપાયો : પ્રધાનમંત્રી આવાસ યોજનાની સહાયનો ચોથો હપ્તો પાસ કરવા લાંચ લેતાં ઝડપાયો હતો

પાલનપુર

પાલનપુર નગરપાલિકામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાનો સાઈડ સુપર વાઈઝર રૂપિયા ૧૦૫૦૦ની લાંચ લેતાં એ સી બીના છટકામાં રંગે હાથે ઝડપાઈ ગયો હતો. જેણે જામીન માટે મુકેલી અરજી કોર્ટે ફગાવી દીધી છે.

પાલનપુર નગરપાલિકામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાનો સાઈડ સુપર વાઈઝર નિર્મળકુમાર જગદિશદાન ગઢવી સપ્તાહ અગાઉ રૂપિયા ૧૦૫૦૦ની લાંચ લેતાં એ સી બીના છટકામાં રંગે હાથે ઝડપાઈ ગયો હતો.

જેણે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં સ્થળ સર્વે કરેલ અને ફરિયાદીએ શરૂઆતના ત્રણ હપ્તા બેંક ખાતામાં જમા કરાવેલ જ્યારે ચોથો હપ્તો જમા ન થતાં ફરિયાદી રૂબરૂ મળી વાત કરતાં નિર્મળકુમાર જગદિશદાન ગઢવીએ નાણાકીય સહાય નો ચોથો હપ્તો જમા કરાવવાની કાર્યવાહી કરવા માટે રૂ.૧૦૫૦૦/- ની માંગણી કરી હતી. જે નાણાં ફરિયાદી આપવા માંગતા ના હોય તેઓએ એ. સી. બી.મા ફરીયાદ કરતા એસીબીએ જી આઈ ડી સી-જામપુરા રોડ, પાલનપુર ખાતે ગોઠવેલ લાંચના છટકા માં ઝડપી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. આ અંગેની વધુ તપાસ પાટણ એસીબી પીઆઈ એચ.એસ. આચાર્ય ચલાવી રહ્યા છે. દરમિયાન તેણે રેગ્યુલર જામીન મેળવવા માટે છઠ્ઠા એડિશનલ એન્ડ ડિસ્ટ્રિક્ટ કોર્ટ પાલનપુરમાં જામીન અરજી દાખલ કરી હતી. જેને ન્યાયાધીશે નામંજૂર કરી હતી.

# ઝીંઝવાની પરિણીતાને દહેજ મામલે ત્રાસ અપાતા પાંચ વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૩

પ્રાંતિજ તાલુકાના ઝીંઝવા ગામની એક પરિણીતાને તેણીના પતિ તથા અન્ય સાસરીયાઓ દ્વારા દહેજ લેવા માટે ત્રાસ અપાતા આ પરિણીતાએ પાંચ સાસરીયાઓ વિરૂદ્ધ બુધવારે હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

# સામૈયાની પરિણીતાને ત્રાસ અપાતા પાંચ વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં રહેતી અને વિજયનગર તાલુકાના સામૈયા ગામે પરણાવેલી યુવતીને તેણીના સાસરીયાઓ દ્વારા છેલ્લા બે મહિનાથી અવારનવાર શારિરીક અને માનસિક ત્રાસ આપી મારઝુડ કરતા કંટાળીને આ મહિલાએ બુધવારે હિંમતનગર સ્થિત મહિલા પોલીસ સ્ટેશનમાં પાંચ સાસરિયાઓ વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી. હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં આવેલ શુભ બંગ્લોઝમાં રહેતા અંજનાબેન નિતીનકુમાર જાદવે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ તેણીના લગ્ન વિજયનગર તાલુકાના સામૈયા ગામના નિતીનકુમાર પ્રવિણભાઈ જાદવ સાથે કરાયા બાદ છેલ્લા બે મહિનાથી સાસરી પક્ષના સાસુ, સસરા અને કાકા, કાકી દ્વારા ઘરકામ બાબતે અંજનાબેન સાથે ઝઘડો કરવામાં આવતો હતો. આ ઉપરાંત અંજનાબેનને પરેશાન કરવા માટે તેમના પતિ નિતીનકુમાર જાદવને અંજનાબેનના સસરા પ્રવિણભાઈ રામજીભાઈ જાદવ, સાસુ સવિતાબેન જાદવ, કાકા સસરા ખેમજીભાઈ રામજીભાઈ જાદવ તથા કાકી સાસુ સવિતાબેન ખેમજીભાઈ જાદવ દ્વારા અવારનવાર ચઢામણી કરીને ઉશ્કેરણી કરવામાં આવતી હતી.